જીલ્લા તકેદારી સમિતિમાં સરકારનાં
પ્રતિનિધિનો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ હસલ/૧૦૯૪/૧૬૦૩/હ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ–૧૫–૫–૨૦૦૦.

**વંચાણે લીધો**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૧૦/૨/૯૮ નો પરિપત્ર ક્રમાંકઃ હસલ/ ૧૦૯૪/૧૬૦૩/હ.
(૨) સમાજ કલ્યાણ વિભાગનો તા. ૩/૭/૯૮ નો પરિપત્ર ક્રમાંકઃ હસલ /૧૦૯૪ / ૧૬૦૩/હ.

**પ રિ પ ત્ર**

આમુખમાં દર્શાવેલ પરિપત્રોથી રાજ્યનાં તમામ જીલ્લાઓમાં જીલ્લા કક્ષાની જીલ્લા તકેદારી સમિતિમાં રાજ્ય સરકારનાં પ્રતિનિધિનો સમાવેશ કરવાની સુચનાઓ અમલમાં છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનાં તા. ૨૭/૩/૨૦૦૦ નાં પરિપત્ર ક્રમાંકઃ એસસીપી/ ૧૨૯૩ / ૯૬ / મુલ્યાંકન / ૯૨૯ /૯૮ / ક થી ખાસ અંગભૂત યોજનાના અમલીકરણ માટેની જીલ્લા અમલીકરણ સમિતિઓની બેઠકમાં રાજ્ય સરકારનાં પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા માટે જીલ્લાઓની પુનઃ ફાળવણી કરવામાં આવેલ છે. ખાસ અંગભૂત યોજનાની સમિતિની બેઠક તેમજ જીલ્લા તકેદારી સમિતિની બેઠક સામાન્ય રીતે એકજ દિવસે બોલાવવામાં આવતી હોય છે. આથી એકજ અધિકારી ધ્વારા આ બંન્ને બેઠકોમાં હાજરી અપાય તે હેતુથી તેમજ જીલ્લા તકેદારી સમિતિમાં સરકારનાં પ્રતિનિધિ તરીકે હાજર રહી જીલ્લાની પરિસ્થિતિની જાણકારી મેળવી અને તેના અનુસંધાને સરકાર કક્ષાએથી થતા સુચનો તેમજ માર્ગદર્શન પુરા પાડવામાં આવે તે માટે નીચે પ્રમાણે તેમની સામે દર્શાવેલ જીલ્લાઓની પુનઃ ફાળવણી કરવામાં આવે છે.

| અ.નં. | અધિકારીની હોદ્દો | કચેરીનો ફોન નંબર | ફાળવવામાં આવેલ જીલ્લાઓનાં નામ. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | નાયબ સચિવશ્રી (વિકસતી જાતિ) | ૨૦૧૪૫ | આણંદ, ખેડા, કચ્છ, પોરબંદર, બનાસકાંઠા, સાબરકાંઠા. |
| ૨. | નાયબ સચિવશ્રી (સામાજીક ન્યાય) | ૨૦૭૫૯ | વડોદરા, સુરત, જામનગર, ભાવનગર, ગોધરા, મહેસાણા, પાટણ, ભરૂચ. |
| ૩. | નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા) | ૨૦૪૩૧ | દાહોદ, વલસાડ, નવસારી, અમરેલી, રાજકોટ, ડાંગ. |
| ૪. | નાયબ સચિવશ્રી (અત્યાચાર નિવારણ ધારો) | ૫૬૩૮૨ | અમદાવાદ, જુનાગઢ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, નર્મદા. |

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો જનરલ ફેક્સ નં. ૨૨૮૯૬.

૨. ઉપરોક્ત અધિકારીઓએ તેમને ફાળવવામાં આવેલ જીલ્લાઓની પ્રત્યેક ત્રિમાસિક [illegible] યોજનામાં આવતી જીલ્લા તકેદારી સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહી અનુસૂચિત જાતિના લોકો પર થતા અત્યાચારના બનાવોની સમીક્ષા કરવાની રહેશે અને આ અત્યાચારના બનાવો ઓછા બને તે અંગે વિવિધ સુચનો પણ કરવાનાં રહેશે. સંબંધિત અધિકારીઓએ આવી બેઠકોમાં અનિવાર્ય સંજોગો સિવાય અચુક હાજર રહેવાનું રહેશે અને અનિવાર્ય સંજોગોના કારણે તેઓ હાજર રહી શકે તેમ ન હોય તો તેમના તાબા હેઠળના સચિવાલય કક્ષાના વર્ગ—૧ અથવા વર્ગ—૨ ના અધિકારીને અચુક મોકલવાનો પ્રબંધ કરવાનો રહેશે. આવી બેઠકોમાં સંબંધિત નાયબ સચિવશ્રીઓએ વિભાગના વડાની મંજુરી લેવાની રહેશે નહી પરંતુ ફક્ત જાણ કરવાની રહેશે.

૩. જીલ્લા તકેદારી સમિતિની બેઠકમાં હાજર રહેનાર અધિકારીએ વિભાગની અત્યાચાર નિવારણ યોજનાની કામગીરી કરતી હ— શાખાના એક સભ્યને સાથે રાખવાના રહેશે.

૪. જીલ્લા તકેદારી સમિતિની બેઠકમાં સંબંધકર્તા અધિકારી સમયસર ઉપસ્થિત રહી શકે તે માટે જે તે સભ્ય સચિવશ્રીએ બેઠક અગાઉ ૧૦ દિવસ પહેલા સંબંધિત અધિકારીઓને જાણ કરવી અથવા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ફેક્સ પર ફેક્સ મેસેજ પાઠવવો.

૫. અગાઉની બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દાઓ તથા તે પરત્વે કરવામાં આવેલ કાર્યવાહી/ પૂર્તતા અહેવાલ પણ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગને મોકલી આપવો તેમજ મળનાર બેઠકનો એજન્ડા પણ મોકલવો.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)

(વિ. એમ.પરમાર)
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

— અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી.સા.ન્યા. અને અ. વિ.
— નાયબ સચિવશ્રી, (સમાજ કલ્યાણ) સા.ન્યા. અને અ. વિ.
— નાયબ સચિવશ્રી, (વિ.જા.) સા.ન્યા. અને અ. વિ.
— નાયબ સચિવશ્રી, (સ.સુ.) સા.ન્યા. અને અ. વિ.
— નાયબ સચિવશ્રી, (અત્યાચાર નિવારણ ધારો) સા.ન્યા. અને અ. વિ.

નકલ રવાના જાણ તથા જરુરી કાર્યવાહી અર્થે :—

— નિયામકશ્રી, અનુ. જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
— સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ.
— સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
— સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
— સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
— વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ શાખાઓ.
— સિલેક્ટ ફાઈલ.